# બિલ્ડર ભરત સિંધીએ ફ્લેટના 1.25 કરોડ લઈ બીજાને વેચી નાંખ્યા

**ન્યૂ ઓપેરા** હાઉસમાં ફ્લેટ બુક કરાવી જીમખાનાના વૃદ્ધ વેપારી સહિત બે મિત્ર સાથે ઠગાઈ

**વિવાદો** અને છેતરપિંડીમાં જાણીતા ભરત ભારવાની અને તેના મળતિયા વિરુદ્ધ પોલીસ ફરિયાદ



સુરતઃ સુરતના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં વિવાદો અને છેતરપિંડી માટે જાણીતા બિલ્ડર ભરત ભારવાની ઉર્ફે ભરત સિંધીએ બમરોલી રોડ પર આવેલા 'ન્યૂ ઓપેરા હાઉસ' પ્રોજેક્ટમાં ફ્લેટ આપવાના બહાને વૃદ્ધ વેપારી અને તેમના મિત્ર પાસેથી રૂ. ૧.૨૫ કરોડથી વધુની રકમ પડાવી લીધા હતા. જે બાદ તે ફ્લેટ અન્યને વેચી નાંખ્યા હતા.

સિટીલાઇટના ચેવલી બંગલોઝમાં રહેતા ૭૨ વર્ષીય નિવૃત્ત વેપારી અરવિંદભાઈ નટવરલાલ ચેવલી અને તેમના મિત્રએ રોકાણના આશયથી બમરોલી રોડ પર નિર્મિત 'ન્યૂ ઓપેરા હાઉસ'માં ફ્લેટ બુક કરાવ્યા હતા. અરવિંદભાઈએ રૂ.૬૦.૫૪ લાખ અને તેમના મિત્રએ રૂ.૬૫.૧૦ લાખમાં ફ્લેટનો સોદો નક્કી કર્યો હતો.

વર્ષ ૨૦૧૭થી ૨૦૨૩ દરમિયાન બંને મિત્રોએ ટુકડે-ટુકડે કુલ રૂ.૧,૨૫,૬૪,૦૦૦ બિલ્ડર ભરત મોહનદાસ ભારવાની (રહે., મોનાલીસા પાર્ક, સિટી લાઈટ) અને તેના સાથીદાર વિજય હરેન્દ્રલાલ મહેતા (રહે., તાડવાડી, રાંદેર)ને ચૂકવી દીધા હતા. ભોગ બનનાર વેપારીએ જ્યારે ફ્લેટનો કબજો અને દસ્તાવેજની માંગણી કરી, ત્યારે બિલ્ડર ભરત સિંધીએ વાયદાઓ આપવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન અરવિંદભાઈને જાણ થઈ હતી કે, જે ફ્લેટના નાણાં તેમણે ચૂકવ્યા છે, તે ફ્લેટ બિલ્ડરે તેમની જાણ બહાર અન્ય ત્રીજી વ્યક્તિઓને વેચી દીધા છે અને તેના કાયદેસરના દસ્તાવેજો પણ કરી આપ્યા છે. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા વેપારીએ નાણાં પરત માંગ્યા હતા, પરંતુ ઠગબાજ બિલ્ડરે રકમ પરત કરવામાં હાથ ઊંચા કરી દીધા હતા. આખરે કંટાળીને અરવિંદભાઈએ ખટોદરા પોલીસ મથકમાં ન્યાયની ગુહાર લગાવી હતી. પોલીસે ભરત ભારવાની અને વિજય મહેતા વિરુદ્ધ છેતરપિંડી, વિશ્વાસઘાત અને કાવતરું ઘડવા બદલ ગુનો દાખલ કર્યો છે. આર્થિક ગુના નિવારણ શાખા (Eco Cell) એ આ કેસની તપાસ સંભાળી છે. ઉલ્લેખનીય છે કે ભરત સિંધી અગાઉ પણ અનેક વિવાદો અને પ્રોપર્ટી ફ્રોડમાં પોલીસ ચોપડે ચઢી ચૂક્યો છે, ત્યારે આ નવા કૌભાંડથી રિયલ એસ્ટેટ જગતમાં ફરી ચર્ચાઓ જાગી છે.

# 24 એપ્રિલ સાંજે 6 વાગ્યાથી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ

**મતદાનના** 48 કલાક પહેલાં બહારના પ્રચારકોને મતવિસ્તાર છોડવાનો આદેશ, નિયમોના ભંગ પર થશે કાર્યવાહી

સુરતઃ સુરત જિલ્લામાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રાજ્ય ચૂંટણી આયોગના માર્ગદર્શન હેઠળ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિજય રબારીએ મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડ્યું છે. મુક્ત અને નિષ્પક્ષ મતદાન સુનિશ્ચિત કરવા માટે તા. 24 એપ્રિલ, 2026ના રોજ સાંજે 6:00 વાગ્યાથી ચૂંટણી પ્રચાર પર સંપૂર્ણ પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે.

જાહેરનામા અનુસાર, મતદાન પૂર્ણ થવાના 48 કલાક અગાઉ પ્રચાર બંધ રહેશે અને તે સમયગાળા દરમિયાન જે રાજકીય પદાધિકારીઓ, કાર્યકરો અથવા પ્રચારકો તે મતવિસ્તારના મતદાર નથી, તેઓએ વિસ્તાર છોડવો ફરજિયાત રહેશે. પ્રચારબંધી દરમ્યાન ઉમેદવારો ઘર-ઘર જઈ મતદારોનો સંપર્ક કરી શકશે, પરંતુ તેમની સાથે વધુમાં વધુ પાંચ વ્યક્તિઓ જ રહી શકશે. આ ઉપરાંત કાર્યકરો પક્ષના પ્રતિકવાળી ટોપી અથવા મફલર પહેરી શકશે, પરંતુ બેનર અથવા અન્ય પ્રચાર સામગ્રી પ્રદર્શિત કરવા પર પ્રતિબંધ રહેશે. જે સાંસદ અથવા ધારાસભ્યો તે મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે, તેઓને વિસ્તારમાં રહેવાની મંજૂરી રહેશે, પરંતુ તેઓ ચૂંટણી પ્રચાર સંબંધિત પ્રતિબંધિત પ્રવૃત્તિમાં સામેલ થઈ શકશે નહીં. આ હુકમ તા. 24 એપ્રિલ સાંજે 6:00 વાગ્યાથી અમલમાં આવીને તા. 26 એપ્રિલ, 2026ના રોજ સાંજે 6:00 વાગ્યા સુધી, એટલે કે મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી લાગુ રહેશે. નિયમોના ઉલ્લંઘન કરનાર સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

હાલ તો સુરત સહિત સમગ્ર રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પ્રચારનો ધમધમાટનો આખરી દૌર ચાલી રહ્યો છે.

# સુરત મનપાની ૧૨૦ બેઠક માટે ૧૩,૩૮૫ પોલિંગ સ્ટાફ તૈનાત

**તા. ૨૬** એપ્રિલે મતદાન, શાંતિપૂર્ણ અને પારદર્શક પ્રક્રિયા માટે વિશેષ તૈયારીઓ

સુરતઃ સુરત મહાનગરપાલિકાની સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી-૨૦૨૬ને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વ્યાપક તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. શહેરના ૩૦ વોર્ડની કુલ ૧૨૦ બેઠક માટે તા.૨૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ યોજાનાર મતદાનને સફળ અને સુચારું બનાવવા માટે કુલ ૧૩,૩૮૫ પોલિંગ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે.

મતદાન પ્રક્રિયાને યોગ્ય રીતે સંચાલિત કરવા માટે દરેક મતદાન મથકે પ્રિસાઇડિંગ ઓફિસર, મતદાર ઓળખ માટે પોલિંગ ઓફિસર-૧, ટેકનિકલ કામગીરી માટે પોલિંગ ઓફિસર-૨, મહિલા પોલિંગ ઓફિસર તથા મતદારોની સુવિધા માટે અટેન્ડન્ટ સહિતનો સ્ટાફ તૈનાત રહેશે. આ ટીમ ઈવીએમ (EVM)ના સંચાલનથી લઈને મતદાનની ગોપનીયતા જાળવવા સુધીની તમામ કામગીરી નિષ્ઠાપૂર્વક સંભાળશે. વહીવટી તંત્ર દ્વારા તમામ પોલિંગ સ્ટાફને આધુનિક ચૂંટણી પ્રક્રિયા, ટેકનોલોજીનો ઉપયોગ અને કાયદો-વ્યવસ્થાની જાળવણી અંગે સઘન તાલીમ આપવામાં આવી છે. મતદાન દરમિયાન કોઈ પણ પ્રકારની ખામી ન રહે તે માટે સ્ટાફને પ્રાયોગિક માર્ગદર્શન પણ આપવામાં આવ્યું છે.

## પોલીસ-હોમગાર્ડના ૧૩૦૫ જવાને પોસ્ટલ બેલેટથી મતાધિકારનો ઉપયોગ કર્યો



ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવતા પોલીસ અને હોમગાર્ડના જવાનોએ પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. અઠવાલાઈન્સ સ્થિત પોલીસ હેડક્વાર્ટર ખાતે ઉભા કરાયેલા ફેસિલિટેશન સેન્ટરમાં કુલ ૧૩૦૫ જવાનએ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કર્યું હતું. ફરજ અને લોકશાહી પ્રત્યેની જવાબદારી વચ્ચે સંતુલન સાધતા જવાનોમાં મતદાન માટે નોંધપાત્ર ઉત્સાહ જોવા મળ્યો હતો. ચૂંટણી તંત્ર દ્વારા પોસ્ટલ બેલેટ જેવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવતા ફરજ પર રહેલા સુરક્ષા દળોને મતદાનની તક મળે છે, જે લોકશાહી પ્રક્રિયાને વધુ મજબૂત બનાવે છે.

## દરેક વોર્ડમાં સતત મોનિટરિંગ કરાશે

મતદાનના દિવસે દરેક વોર્ડમાં સુપરવાઈઝરી સ્ટાફ અને સેક્ટર ઓફિસરો દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવશે. સમગ્ર પ્રક્રિયા પારદર્શક, નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે તંત્ર પ્રતિબદ્ધ છે. આ તમામ તૈયારીઓ વચ્ચે સુરત મહાનગરપાલિકા ચૂંટણીને લોકશાહીના મહાપર્વ તરીકે ઉજવવા માટે તંત્ર તથા મતદારો બંનેમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# ડાકોરમાં ભૂકંપ, લોકો ઘરની બહાર દોડી આવ્યા

**બપોરે** 4-35 કલાકે આવેલા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 3.4 નોંધાઈ

**ભૂકંપનું** કેન્દ્ર બિંદુ ડાકોર નજીકનું વજેવાલ ગામ નોંધાયું

નડિયાદઃ ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આજે બપોરે અચાનક ધરતીકંપનો આંચકો અનુભવાતા સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો હતો. બપોરે 4-35 કલાકે રિક્ટર સ્કેલ પર 3.4ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો, જેનો અહેસાસ ડાકોર સહિત કાલસર, આગરવા અને નેશ કાલસર જેવા ગામોમાં પણ થયો હતો.

ભૂકંપ સમયે જમીનમાં જોરદાર ધ્રુજારીની સાથે મોટો અવાજ આવતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘરમાં આરામ કરી રહેલા લોકો અને બજારમાં ખરીદી કરી રહેલા નાગરિકો પોતાના જીવ બચાવવા ખુલ્લા મેદાનો અને રસ્તાઓ પર દોડી આવ્યા હતા. આ કુદરતી પ્રકોપને કારણે પશુ-પંખીઓમાં પણ ગભરાહટ જોવા મળ્યો હતો. સિસ્મોલોજી વિભાગના અહેવાલ મુજબ, આ ભૂકંપનું કેન્દ્ર બિંદુ ડાકોર નજીક આવેલું વજેવાલ ગામ નોંધાયું છે. કેન્દ્ર બિંદુ નજીક હોવાથી આસપાસના વિસ્તારોમાં ધ્રુજારીની અસર વધુ તીવ્રતાથી વર્તાઈ હતી. આ ભૂકંપના કારણે અત્યાર સુધી કોઈ જાનહાનિ કે મોટા માલસામાનના નુકસાનના અહેવાલ પ્રાપ્ત થયા નથી. તંત્ર દ્વારા આ ઘટના અંગે પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી છે અને લોકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ડાકોર પંથકમાં ભૂકંપના આચકાથી લોકો ફફડી ઉઠ્યાં હતાં. લોકો ઘર બહાર દોડી આવ્યાં હતાં.

# ઓડિશાના બિલ્ડરનું અપહરણ કરી ૨ કરોડની ખંડણી માંગનાર ઝડપાયો

**સુરત** પોલીસમાં હત્યા, મારામારી, દારૂબંધી અને હથિયારબંધીના ભંગ બદલ 8 ગુના નોંધાઈ ચૂક્યા છે, સુરત ક્રાઈમ બ્રાંચ અને ઓડિશા પોલીસે ગોડાદરામાંથી ઝડપી પાડ્યો

સુરત : ઓડિશાના ગોપાલપુર પોલીસ મથક વિસ્તારમાં બનેલી ૨ કરોડની ખંડણી માટે બિલ્ડરના અપહરણની ગંભીર ઘટનામાં સુરત ક્રાઈમ બ્રાંચ અને ઓડિશા પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરી ગોડાદરા વિસ્તારમાંથી આ ગુનામાં સંડોવાયેલા રીઢા આરોપી સૂર્યપ્રતાપ ઉર્ફે ગોલુને ઝડપી પાડવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, ઓડિશાના સત્યનારાયણપુર ખાતે રહેતા અને કન્સ્ટ્રક્શન વ્યવસાય સાથે સંકળાયેલા સુધીરકુમાર નિરમણી પાત્રનું ગત તા. ૧૬/૦૪/૨૦૨૬ના રોજ ઓડિશા ગોપાલપુરા પોલીસની હદમાં આવેલા પ્રેમ કાર્યાલય પાસેના રસ્તા પરથી અપહરણ કરવામાં આવ્યું હતું. અપહરણકારોએ મુક્તિના બદલામાં રૂપિયા ૨ કરોડની તોતિંગ ખંડણીની માંગણી કરી હતી. આ અંગે ગોપાલપુર પોલીસ મથકમાં બી.એન.એસ.ની કલમ ૧૪૦(૨), ૩(૫) તથા આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ગુનાની તપાસમાં ઓડિશા પોલીસની ટીમ સુરત આવી પહોંચી હતી.

આ મામલે ક્રાઈમ બ્રાંચની ડીસીબી ઝોન-૦૨ની ટીમે પણ જોડાઈ હતી. પોલીસની ટીમે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેક્નિકલ સર્વેલન્સની મદદથી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બાતમી મળી હતી કે આરોપી ગોડાદરાની ઘનશ્યામનગર સોસાયટીમાં છુપાયેલો છે. પોલીસે આયોજનબદ્ધ રીતે છાપો મારીને ૨૮ વર્ષીય સૂર્યપ્રતાપ ઉર્ફે ગોલુ સિંહને હસ્તગત કર્યો હતો. ઝડપાયેલો આરોપી સૂર્યપ્રતાપ મૂળ ઉત્તર પ્રદેશના વારાણસીનો વતની છે અને તે અગાઉ પણ અનેક ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો રહ્યો છે. તેની વિરુદ્ધ હત્યા, મારામારી, દારૂબંધી (પ્રોહિબિશન) અને હથિયારબંધીના ભંગ બદલ લિંબાયત, ગોડાદરા અને મહિધરપુરા પોલીસ મથકોમાં કુલ ૮થી વધુ ગુનાઓ નોંધાયેલા છે. લિંબાયત પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૬માં પાસા હેઠળ કાર્યવાહી પણ થઈ ચૂકી છે. સુરત ક્રાઈમ બ્રાંચે આરોપીનો કબજો મેળવી આગળની વધુ તપાસ અર્થે ઓડિશા પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

**સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી માટે 13 હજારથી વધુ પોલિંગ સ્ટાફ તૈનાત**

# જિ. અને તા. પંચાયત, પાલિકાની કુલ 356 બેઠક માટે તંત્ર સજ્જ

સુરતઃ સુરત જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-2026ને લઈ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વ્યાપક આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની કુલ 356 બેઠક પર મતદાન પ્રક્રિયા નિષ્પક્ષ અને પારદર્શી રીતે પૂર્ણ થાય તે માટે કુલ 13 હજારથી વધુ પોલીંગ સ્ટાફને ફરજ પર તૈનાત કરવામાં આવ્યો છે.

સુરત જિલ્લા પંચાયતની 36 બેઠક માટે કુલ 6,149 પોલિંગ સ્ટાફની નિમણૂક કરવામાં આવી છે, જે 11 તાલુકામાં મતદાન પ્રક્રિયાને સુચારું બનાવશે. આ સ્ટાફમાં પ્રિસાઈડિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર, મહિલા સ્ટાફ અને અટેન્ડન્ટ્સનો સમાવેશ થાય છે. તાલુકા પંચાયતોની 204 બેઠકો માટે 6,449 પોલિંગ સ્ટાફને તૈનાત કરવામાં આવ્યો છે. ગ્રામિણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં મતદાનની ટકાવારી વધે અને પ્રક્રિયા શાંતિપૂર્ણ રહે તે માટે વહીવટી તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બારડોલી, કડોદરા, માંડવી અને તરસાડી નગરપાલિકાની કુલ 116 બેઠક માટે 533 પોલિંગ સ્ટાફ મતદાન મથકો પર ફરજ બજાવશે. સંવેદનશીલ મથકો પર વિશેષ દેખરેખ અને ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ પૂર્ણ કરવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને લોકશાહીના આ મહાપર્વમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### ટ્રમ્પે યુદ્ધવિરામ...

શહબાઝ શરીફે આશા વ્યક્ત કરી છે કે બંને પક્ષો વ્યાપક શાંતિ કરાર પર પહોંચશે.

જોકે અમેરિકી સૂત્રોનું કહેવું છે કે ટ્રમ્પ ઈરાનને વધારાના 3થી 5 દિવસ આપી શકે છે, પરંતુ આ યુદ્ધવિરામ સંપૂર્ણપણે 'ઓપન-એન્ડેડ' એટલે કે કાયમી નહીં હોય. જો ઈરાન તરફથી કોઈ નક્કર પ્રસ્તાવ નહીં મળે તો ટ્રમ્પે અગાઉ 'બોમ્બિંગ' કરવાની જે ધમકી આપી હતી તે વાસ્તવિકતા બની શકે છે. ફેબ્રુઆરી 28 થી શરૂ થયેલું આ યુદ્ધ અત્યારે ડિપ્લોમેસી અને સૈન્ય કાર્યવાહીની વચ્ચે એક નાજુક તબક્કે આવીને ઊભું છે.

### ઈરાને હોર્મુઝમાં...

આવે ત્યાં સુધી વાતચીત ફરી શરૂ થશે નહીં. આ તણાવને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલ (બ્રેન્ટ ક્રૂડ)ના ભાવમાં યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધીમાં 35 ટકાનો તોતિંગ વધારો થયો છે અને બુધવારે તે પ્રતિ બેરલ 98 ડોલરની સપાટી વટાવી ગયો હતો. બ્રિટિશ સૈન્યની સંસ્થા યુકેએમટીઓના જણાવ્યા મુજબ, ઈરાની બંદૂકધારી નૌકાઓએ કોઈ પણ ચેતવણી આપ્યા વિના પ્રથમ જહાજ પર હુમલો કર્યો હતો. ઈરાની મીડિયાએ અહેવાલ આપ્યો છે કે રિવોલ્યુશનરી ગાર્ડે આ જહાજોને કાયદેસર રીતે અટકાવ્યા છે કારણ કે તેઓએ ઈરાની સશસ્ત્ર દળોની ચેતવણીઓને અવગણી હતી. ઈરાનનો દાવો છે કે તેણે આ જહાજો પર હુમલો એટલા માટે કર્યો કારણ કે તેનાથી થોડા સમય પહેલા જ અમેરિકાએ ઓમાનના સમુદ્રમાં ઈરાનનું એક કોમર્શિયલ જહાજ કબજે કર્યું હતું.

અમેરિકા દ્વારા કરવામાં આવેલી ઈરાની બંદરોની નાકાબંધીના જવાબમાં ઈરાને આ 'જેવા સાથે તેવા'ની રણનીતિ અપનાવી હોય તેમ લાગે છે. ઈરાને ધમકી આપી છે કે જો અમેરિકા તેની આર્થિક નાકાબંધી દૂર નહીં કરે તો તેઓ હોર્મુઝમાંથી થતા વેપારને સંપૂર્ણપણે ઠપ કરી દેશે. આ સંઘર્ષને કારણે માત્ર ઈંધણ જ નહીં, પરંતુ ખાદ્ય સામગ્રી અને અન્ય ચીજવસ્તુઓના પરિવહન ખર્ચમાં પણ મોટો વધારો થયો છે, જેની સીધી અસર વૈશ્વિક અર્થતંત્ર પર જોવા મળી રહી છે.

### ભારત અને ઈરાન વચ્ચે રાજદ્વારી તણાવ

ભારત માટે આ ઘટના વધુ ગંભીર એટલા માટે છે કારણ કે ગયા અઠવાડિયે જ ઈરાની નૌકાદળે ભારતીય ધ્વજ ધરાવતા બે જહાજો 'જગ અર્ણવ' અને 'સનમાર હેરાલ્ડ' પર હુમલો કર્યો હતો. 'જગ અર્ણવ' સાઉદી અરેબિયાથી ભારત આવી રહ્યું હતું જ્યારે 'સનમાર હેરાલ્ડ' ઈરાકથી તેલ લઈને ભારત આવતું હતું. ઈરાને અગાઉ ખાતરી આપી હતી કે તે ભારત જેવા પાંચ મિત્ર દેશોના જહાજોને નિશાન બનાવશે નહીં, તેમ છતાં વારંવાર ભારતીય હિતો ધરાવતા જહાજો પર હુમલા થતા ભારતે ઈરાનના રાજદૂતને તેડું મોકલીને પોતાની ઊંડી ચિંતા વ્યક્ત કરી છે.

### 3 જહાજો પૈકી એક...

જણાવ્યું કે, હાલમાં 13 ભારતીય ધ્વજ ધરાવતા જહાજો અને એક ભારતીય માલિકીનું જહાજ પર્શિયન ગલ્ફમાં ફસાયેલા છે. જોકે, એક સારા સમાચાર એ છે કે 'દેશ ગરિમા' નામનું ભારતીય ટેન્કર સુરક્ષિત રીતે હોર્મુઝ પસાર કરીને મુંબઈ પહોંચવાની તૈયારીમાં છે.

### હવે ડિજિટલ...

આ કેબલ્સને નુકસાન પહોંચાડીને ઈરાન આખા પ્રદેશની કનેક્ટિવિટી ઠપ કરી શકે છે, જેની અસર એશિયા અને યુરોપ સુધી પડી શકે છે. આ રૂટ પરથી વિશ્વનો અંદાજે ૧૭% થી ૩૦% ઇન્ટરનેટ ટ્રાફિક પસાર થાય છે. જો આ કેબલ્સને નુકસાન થાય, તો ક્લાઉડ સર્વિસ, ડિજિટલ પેમેન્ટ અને AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખોરવાઈ શકે છે. ભારત જેવા દેશો, જેમના ડેટા સેન્ટર્સ અને આઈટી સેક્ટર આ નેટવર્ક સાથે જોડાયેલા છે, તેમને પણ ઈન્ટરનેટ સ્પીડ અને ઓનલાઈન સેવાઓમાં મોટી સમસ્યા નડી શકે છે.

### હોર્મુઝ પસાર કરવા...

સાથે જોડી છે. અહેવાલો સૂચવે છે કે, કૌભાંડીઓ ક્રિપ્ટોના બદલામાં સામુદ્રધુનીમાંથી નકલી સુરક્ષિત માર્ગની ઓફર કરી રહ્યા છે. મેરીટાઇમ રિસ્ક સર્વિસિસ કંપની 'મેરિસ્ક'ના જણાવ્યા અનુસાર, ઓછામાં ઓછું એક જહાજ આ કૌભાંડનો ભોગ બન્યું હતું અને જળમાર્ગમાંથી પસાર થવાનો પ્રયાસ કરતી વખતે તેના પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. ન્યૂઝ બ્રીફિંગમાં બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના એડિશનલ સેક્રેટરી મુકેશ મંગલે 'સનમાર હેરાલ્ડ'ના સુરક્ષિત માર્ગ માટે કોઈ પણ પ્રકારની ચુકવણી કરવામાં આવી હોવાના અહેવાલને 'ફેક ન્યૂઝ' ગણાવ્યા હતા.

### ખાનગી હોસ્પિટલોની...

છે; રૂય 25,000નું પેસમેકર રૂ. 2 લાખમાં અને રૂ. 4 લાખના ઈમ્પોર્ટેડ હાર્ટ વાલ્વ રૂ. 26થી 30 લાખના જંગી ભાવે બિલમાં ઉમેરવામાં આવે છે. નવા માળખા હેઠળ, હોસ્પિટલો મેડિકલ સાધનોની મૂળ કિંમત અથવા લેન્ડિંગ પ્રાઈસ પર એક નિશ્ચિત મર્યાદાથી વધુ નફો લઈ શકશે નહીં. આ મર્યાદા સોય અને ગ્લવ્ઝ જેવી રોજિંદી ચીજોથી લઈને પેસમેકર જેવા મોંઘા સાધનો પર લાગુ થઈ શકે છે. આ માટે સરકાર વીમા કંપનીઓ અને તબીબી સાધનોના ઉદ્યોગના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી રહી છે. મેડિકલ મોંઘવારી વાર્ષિક 14-15 ટકાના દરે વધી રહી છે, જેના કારણે આગામી દોઢ વર્ષમાં હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રીમિયમમાં પણ 10-15 ટકાનો વધારો થવાની શક્યતા છે. હોસ્પિટલના બિલો પર મર્યાદા આવવાથી માત્ર દર્દીઓના ખિસ્સાને રાહત નહીં મળે, પરંતુ હેલ્થ ઈન્સ્યોરન્સ ઇન્ડસ્ટ્રી પરનું દબાણ પણ ઘટશે.

### મુંબઈમાં ભાજપની...

નજીકમાં ખુલ્લું મેદાન હોવા છતાં રસ્તા કેમ બ્લોક કર્યા છે? જ્યારે મંત્રીએ તેને શાંત પાડવાનો પ્રયાસ કર્યો ત્યારે પણ મહિલાએ રોષે ભરાઈને બોલવાનું ચાલુ રાખ્યું હતું, 'શું તમને સમજ નથી પડતી? સેંકડો લોકો રસ્તો ખુલવાની રાહ જોઈ રહ્યા છે.'

મુંબઈ પોલીસે આ રેલીના આયોજકો સામે નિયમોના ઉલ્લંઘન બદલ એફઆઈઆર નોંધી છે. અમુક શરતોનું ઉલ્લંઘન થયું હોવાનું પોલીસે જણાવ્યું છે.

વિપક્ષી નેતાઓ પ્રિયંકા ચતુર્વેદી અને વર્ષા ગાયકવાડે આ મહિલાને 'સાચી નારી શક્તિ' ગણાવી ભાજપની 'ઈવેન્ટબાજી' પર પ્રહારો કર્યા હતા.

બીજી બાજુ, આ બનાવના એક દિવસ બાદ બુધવારે મંત્રી ગિરીશ મહાજન અને મુંબઈના મેયર રીતુ તાવડેએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, મહિલાનો ગુસ્સો વ્યાજબી હોઈ શકે છે પરંતુ તેણે વાપરેલી ભાષા અયોગ્ય હતી. મહાજને દાવો કર્યો હતો કે મહિલાએ દેખાવકારો પર પાણીની બોટલ પણ ફેંકી હતી. જોકે, તેમણે મહિલા સામે કોઈ કાયદેસરની કાર્યવાહી ન કરવા પોલીસને સૂચના આપી છે.

મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાલે આરોપ લગાવ્યો છે કે, આ ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ અને ભાજપની ફજેતી થયા બાદ ભાજપના કાર્યકરોએ વીડિયો રેકોર્ડ કરનારા પત્રકારોને ધમકાવ્યા હતા. મેયર રીતુ તાવડેએ મુંબઈના પ્રથમ નાગરિક તરીકે આ અગવડતા બદલ માફી માગી હતી, પરંતુ સાથે ઉમેર્યું કે આ રેલી મહિલાઓના અધિકારો માટે હતી અને તેના માટે તમામ જરૂરી પરવાનગીઓ લેવામાં આવી હતી.

### દિલ્હી ડાયરી...

છે કે પોલિસીના પ્રથમ વર્ષમાં તેની કિંમત આશરે ૯૫,૦૦૦, બીજા વર્ષમાં ૧.૦૨ લાખ અને ત્રીજા વર્ષમાં ૧.૦૮ લાખ થશે.

**નીતીશ કુમારના રાજ્યસભામાં શપથ અને બિહારમાં રાજકીય પરિવર્તન**

બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે તાજેતરમાં રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધા હતા. આ પ્રસંગે જનતા દળ (યુનાઇટેડ) અને ભારતીય જનતા પાર્ટીના અનેક વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા, જે દિગ્ગજ રાજકીય નેતા પ્રત્યે સન્માન અને કાર્યવાહી દરમિયાન સાવચેતી બંનેનો સંકેત આપે છે. કુમાર, જેમણે લગભગ બે દાયકા સુધી મુખ્યમંત્રી તરીકે સેવા આપી છે, તેમની સાથે જનતા દળ (યુનાઇટેડ)ના કાર્યકારી અધ્યક્ષ અને રાજ્યસભા સાંસદ સંજય કુમાર ઝા હતા, જેમણે સમગ્ર સમારોહ દરમિયાન સૂત્રધારની ભૂમિકા ભજવી હતી. રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણનની ચેમ્બરમાં ઝા કુમારને દરેક પગલા પર માર્ગદર્શન આપતા જોવા મળ્યા હતા, જેમાં તેમને લેખિત શપથ પત્ર આપવા અને માઇક્રોફોન પર તે વાંચવા માટે પ્રોત્સાહિત કરવાનો સમાવેશ થાય છે. સત્તાવાર રજિસ્ટર પર હસ્તાક્ષર કરતી વખતે, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના ભૂતપૂર્વ વડા જે.પી. નડ્ડાએ કુમારને મદદ કરી હતી. કારણ કે, તેમને કેટલીક મુશ્કેલી પડી રહી હોય તેવું જણાતું હતું. કુમારનો રાજ્યસભામાં પ્રવેશ બિહારમાં અપેક્ષિત રાજકીય પરિવર્તનના એક મહત્ત્વપૂર્ણ પગલા તરીકે જોવામાં આવી રહ્યો છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### શહેરમાં તાબડતોબ...

ડેકર એ.સી.બસની ટ્રાયલ પણ શરૂ કરી દેવાનું સૂઝી આવ્યું! સ્ટેશનથી કામરેજ અને સ્ટેશનથી કોસાડએમ બે રૂટ પર ટ્રાયલ રન લીધો હતો. મનપના સુત્રોએ જણાવ્યું હતુ કે, શહેરના તમામ એન્ટ્રી રોડ પર ટ્રાયલ રન લેવાશે. જે રીતે તાબડતોબ ડબલ ડેકર બસની ટ્રાયલ ઉછીની બસ લઇને ચાલુ કરાઇ તે ચુંટણીલક્ષી હોવાનું ચોખ્ખુ જણાઇ રહયું છે. કેમકે ડબલ ડેકર બસ સુરત ડુમસ રોડ માટે ખરીદવાની છે ને ટ્રાયલ આખા શહેરમાં કરવામાં આવી રહી છે.

ભાજપ શાસકોએ આ વર્ષના બજેટમાં પ્રાયોગિક ધોરણે 2 ડબલ ડેકર એસી ઈલેક્ટ્રિક બસ દોડાવવાની 22 ફેબ્રુઆરીની આસપાસ જાહેરાત પણ કરી હતી. તેના એકાદ અઠવાડીયામાં જ 9 માર્ચ 2026ના રોજ સ્થાયી સમિતિ અને ત્યાર બાદ 15 માર્ચની છેલ્લી સામાન્ય સભામાં મંજુરી પણ આપી દીધી હતી. જેમાં બે ડબલ ડેકર એસી બસનો ઇજારો ચેન્નાઈની સ્વિચ મોબિલિટી એજન્સીને વર્ક ઓર્ડર આપવામાં આવ્યો છે. આ એજન્સી ડ્રાઈવર સહિત 10 વર્ષ સુધી બસનું ઓપરેશન અને મેઈન્ટેનન્સ સંભાળશે. હવે ચુંટણીના મતદાનમાં ગણતરીના દિવસો બાકી રહયા છે, ત્યારે બુધવારે સવારથી શહેરના રસ્તાઓ પર ડબલ ડેકર બસ દોડતી જોઈને શહેરીજનોમાં પણ કુતૂહલ જોવા મળ્યું હતું. ઉપરાંત એવી પણ કોમેન્ટ સોશીયલ મીડીયામાં થઇ રહી છે કે, વિવિધ વોર્ડમાં ભાજપ સામે દેખાતા રોષને ઠારવા માટે આ પ્રકારની લલચામણી જાહેરાતોનો ત્વરીત અમલ કરવામાં આવી રહયો છે. અત્રે ઉલ્લખનીય છે કે, મનપા દ્વારા આ બસ ખરીદાઇ નથી પરંતુ એસટી તંત્રની બસ અહી લાવીને ટ્રાયલ કરવામાં આવી રહી છે.

**મનપાના વોર્ડમાં કુલ મતદાન મથક અને સંવેદનશીલ મતદાન મથકોની માહિતી**

| વોર્ડ નં. | વોર્ડનું નામ | કુલ મથક | સંવેદનશીલ |
|---|---|---|---|
| 1 | જહાંગીરપુરા - વરિયાવ - છાપરાભાટા - કોસાડ | 103 | 44 |
| 2 | અમરોલી - મોટા વરાછા - કતારગામ (નવીન) | 161 | 109 |
| 3 | વરાછા - સરસાણા - સીમાડા - વરછાણા | 144 | 40 |
| 4 | કાપોદ્રા | 60 | 35 |
| 5 | ફુલપાડા - અભિનંદનનગર | 63 | 26 |
| 6 | કતારગામ | 84 | 36 |
| 7 | કતારગામ - વેડ | 91 | 60 |
| 8 | ઉધના - સિંગણપોર | 98 | 60 |
| 9 | રાંદેર - જહાંગીરાબાદ - પાલનપુર | 109 | 17 |
| 10 | અડાજણ - પાલ - ઇચ્છાપોર | 113 | 01 |
| 11 | અડાજણ - ગોરાટ | 88 | 29 |
| 12 | નાનાવટ - સૈદપુરા - કુબેરનગર - મહિધરપુરા | 87 | 39 |
| 13 | વાડીફળિયા - નવાપુરા - બેગમપુરા - સલાબતપુરા | 102 | 72 |
| 14 | ઉમરવાડા - માતાવાડી | 68 | 45 |
| 15 | કરંજ - મગોબ | 49 | 40 |
| 16 | પુણા (પશ્ચિમ) | 62 | 50 |
| 17 | પુણા (પૂર્વ) | 88 | 28 |
| 18 | લિંબાયત - પરવટ - કુંભારિયા | 78 | 44 |
| 19 | અંજણા - ડુંભાલ | 81 | 57 |
| 20 | ખટોદરા - મજૂરા - સગરામપુરા | 89 | 37 |
| 21 | સોનિફળિયા - નાનપુરા - અઠવા - પીપલોદ | 97 | 08 |
| 22 | ભટાર - વેસુ - ઉમરા | 112 | 08 |
| 23 | બમરોલી - ઉધના (ઉત્તર) | 55 | 23 |
| 24 | ઉધના (દક્ષિણ) | 67 | 47 |
| 25 | લિંબાયત - ઉધના યાર્ડ | 68 | 33 |
| 26 | ગોડાદરા - ડિંડોલી (ઉત્તર) | 75 | 32 |
| 27 | ડિંડોલી (દક્ષિણ) | 89 | 21 |
| 28 | પાંડેસરા - ભેસ્તાન | 70 | 44 |
| 29 | અલથાણ - ભમરોલી - વડોદ | 67 | 22 |
| 30 | કન્સાડ - સચિન - ઉન - આલમાવ | 91 | 30 |
| --- | કુલ | 2609 | 1137 |

### સુરતમાં 43.6...

29 મથકો સંવેદનશીલ છે. આ પ્રમાણ આશરે 33 ટકા થાય છે, જે શહેરના સરેરાશ કરતાં થોડું ઓછું છે, છતાં તંત્ર માટે ધ્યાન આપવાનું ક્ષેત્ર ગણાય છે. આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં સંવેદનશીલતાનું પ્રમાણ ખૂબ જ બદલાય છે.

43.6 ટકા મતદાન મથકો સંવેદનશીલ હોવા સાથે કેટલાક વિસ્તારોમાં આ પ્રમાણ 50થી 60 ટકા સુધી પહોંચતા તંત્ર માટે સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવી અનિવાર્ય બની છે. સંવેદનશીલ વિસ્તારોમાં વધારાની પોલીસ ફોર્સ, સીસીટીવી મોનિટરિંગ, અને સતત પેટ્રોલિંગ જેવી વ્યવસ્થાઓ ગોઠવાશે, જેથી મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રહી શકે. સુરત મહાનગરપાલિકાની ચૂંટણી માટે તંત્ર સંપૂર્ણ સજ્જ છે, પરંતુ સંવેદનશીલ મતદાન મથકોના ઊંચા ટકા દર્શાવે છે કે આ વખતે ચૂંટણીમાં સુરક્ષા મુદ્દો કેન્દ્ર સ્થાને રહેશે. ખાસ કરીને કોટ અને પાટીદાર વિસ્તારો પર તંત્રની ખાસ નજર રહેશે.

### જે દોડવાની...

સ્થિતી વધુ કપરી માનવામાં આવી રહી છે તેવા વરાછા અને કતારગામ ઝોનના વિસ્તારોમાંથી ડબલ ડેકર બસની ટ્રાયલ શરૂ કરી માત્ર ભાજપને રાજકીય લાભ અપાવવાનો આશય છતો થઈ રહ્યો છે. સૌપ્રથમ ટ્રાયલ બસ સ્ટેશનથી કામરેજ એટલે કે વરાછા, નાના વરાછા વિસ્તારમાં અને સ્ટેશનથી ઉત્રાણ એટલેકે કતારગામ વિસ્તારમાં જયા સૌરાષ્ટ્રવાસીઓ છે ત્યા કરવામાં આવી છે. ઉપરાંત હવે આખા શહેરમાં એટલે કે શહેરના ચારેય દીશાના એન્ટ્રી રોડથી સ્ટેશન સુધી ટ્રાયલ થશે. આમ એક રીતે તંત્રના જોરે, આ બસ દ્વારા, ભાજપના પોતાના આડકતરા પ્રચારની મનશા છાતી થાય છે.

### તંત્રની ખામીથી...

માટે અન્યાય સમાન છે. ચૂંટણીના દિવસે મતદાન મથકો પર ગૂંચવણ અને અસંતોષ સર્જાવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

### સુરતના ઉદ્યોગપતિની...

નામાંકિત ઉદ્યોગપતિ છે. તેમનું કિમ ખાતે હાર્મોની નામથી યાર્નની ફેક્ટરી આવેલી છે. તે ઉપરાંત અશોકકુમાર બિલ્ડર તેમજ ફાઇનાન્સરના વ્યવસાય સાથે પણ સંકળાયેલા હોવાનું જાણવા મળ્યું છે. હાલમાં ઉધના સાઉથ ઝોન ઓફિસની સામે તેઓનું ઝમખુડી નામથી પ્રોજેક્ટ ચાલી રહ્યું છે. તેઓનું કામ વિદેશ સુધી ફેલાયેલું છે. તેમના સંતાન પૈકી બે પુત્રીના લગ્ન થઈ ગયા હતા. જ્યારે તેમના એકના એક પુત્ર અભિષેકના અંદાજે અઢી મહિના પહેલા મુંબઈ ખાતે રહેતી ખ્યાતિ દીપકભાઈ બંસલ (28 વર્ષ) સાથે લગ્ન થયા હતા. લગ્નના અઢી મહિના બાદ જ ખ્યાતિએ મંગળવારે સાંજે બંગલાના બીજા માળે રૂમમાં જઇને પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો. ખ્યાતિની કોઈ સ્યુસાઈડ નોટ મળી નથી કે તપાસમાં પરિવારે કશું જણાવ્યું નહીં હોવાથી ખ્યાતિએ શા માટે આપઘાત કર્યો તેની વિગતો બહાર આવી નથી.

### ઘટના કેવી...

કોઈ જવાબ ન મળતા બીજી ચાવીથી રૂમ ખોલ્યો હતો, જ્યાં ખ્યાતિની લાશ પંખા સાથે લટકતી હાલતમાં મળી આવી હતી. જેથી તાત્કાલિક તેને નીચે ઉતારીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી.

### ખ્યાતિના લગ્નમાં...

તેમજ લગ્ન સ્થળ પર અંદાજે 120થી વધારે પોલીસની ગાડીઓ ઉભી હતી. લગ્નમાં સૂફી નાઇટમાં બિસમિલ્લાહ સહિતના કલાકારને આમંત્રિત કર્યા હતા. તેમજ તેમના લગ્નના ગિફ્ટ પણ હજી સુધી મહેમાનોમાં વિતરણ કરવામાં આવી રહ્યા છે.

### પંચનામા સમયે...

જેમાં મોતનું પ્રાથમિક કારણ ફાંસો આવ્યું છે. વધુ તપાસ માટે વિશેરાને એફએસએલમાં મોકલવામાં આવ્યા છે. વિશેરાઓનો અભિપ્રાય આવ્યા બાદ આગળની તપાસ કરવામાં આવશે. પંચનામા દરમિયાન ઘરની ઝડતી કરતા કોઈ સ્યુસાઈડ નોટ મળી આવી નથી. મોબાઈલ અને એ બધું હજુ ચેક કરવાનું બાકી છે. મૃતકની અંતિમવિધી બાદ તેના માતા-પિતા અને એમના કુટુંબીજનોના નિવેદન લેવાશે અને એ પછી આગળની તપાસ કરાશે.

### ભાજપના ઉમેદવાર...

ઉમેદવારી રદ કરવાની માંગણી પણ કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું. હાલમાં તો હર્ષ મહેતાના મામલે ભાજપના નેતાઓ ભેરવાઈ ગયા છે.

ગોરાટ વિસ્તારમાં વોર્ડ નં.11ના ભાજપને ઉમેદવારોના પ્રચાર દરમિયાન ભાજપના કાર્યકરો અને સ્થાનિક મહિલાઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ધક્કામુક્કીના દ્રશ્યો સર્જાયા હતા. આ ઘટનામાં ભાજપના એક કાર્યકર દ્વારા મહિલાને જોરદાર ધક્કો મારવામાં આવતા તે જમીન પર પટકાતા રહી ગઈ હતી, જેના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થતા ભાજપ સામે લોકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો છે. સ્થાનિક મહિલાઓએ આક્ષેપ કર્યો છે કે, ભાજપના કાર્યકરોએ તેમની સાથે અભદ્ર વર્તન કર્યું હતું અને ધક્કામુક્કીમાં તેમના કપડાં પણ ફાટી ગયા હતા. ગઈકાલની ઘટનાના પ્રત્યાઘાતો રૂપે આજે મોટી સંખ્યામાં મહિલાઓએ એકઠા થઈને ચૂંટણી નિરીક્ષક અને મહિલા સુરક્ષા વિભાગમાં લેખિત આવેદન પત્ર પાઠવ્યું છે. મહિલાઓએ હર્ષ મહેતાના સમર્થકો પર 'ભાઈગીરી' કરવાનો આક્ષેપ મૂકી તેમની સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

પ્રચાર દરમિયાન સર્જાયેલી આ અરાજકતાને કાબૂમાં લેવા પોલીસને પણ દોડતા થવું પડ્યું હતું. આ ઉગ્ર વિરોધ અને મહિલાઓ પર થયેલા હુમલાની ઘટનાને જોતા આગામી ચૂંટણીના પરિણામો પર તેની મોટી અસર પડવાની શક્યતા વર્તાઈ રહી છે.

### સવા કરોડના...

તપાસ દરમિયાન જે આંગડિયા પેઢી મારફતે આ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા, તેના સંચાલકને બોલાવી સ્ટેટમેન્ટ લેવામાં આવ્યું છે. સાથે જ કેટલાક મહત્વપૂર્ણ દસ્તાવેજો પણ કબજે કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. સ્ટેટમેન્ટ દરમિયાન અધિકારીઓએ ખાસ કરીને રૂપિયા ક્યાંથી આવ્યા, કોણે મોકલ્યા અને કોણે સ્વીકાર્યા તે અંગે વિગતવાર પૂછપરછ કરી હતી.

પોલીસ તપાસમાં ખુલ્યું છે કે મહિધરપુરા વિસ્તારમાં આવેલી હીરેન આંગડિયા મારફતે છેલ્લા ચાર મહિનામાં આશરે રૂપિયા સવા કરોડ દિલ્હીથી સુરતમાં મોકલવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસ મુજબ આ ટ્રાન્ઝેક્શન પાછળ દિલ્હીનો હિમાંશુ પાહુજા મુખ્ય સૂત્રધાર હોવાનું સામે આવ્યું છે. હિમાંશુ પોતાની ઓળખ પનીર વેપારી તરીકે આપતો હોવા છતાં તે આમ આદમી પાર્ટી સાથે જોડાયેલો હોવાની માહિતી બહાર આવી છે.

### પૂર્વ મંત્રીના...

અને દસ્તાવેજોની તપાસના આધારે કેસમાં નવા ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### લિંબાયતમાં મહિલા...

સોની) અગાઉના ઘરગથ્થુ ઝઘડાની અદાવત રાખી મહિલાના ઘર પાસે પહોંચ્યા હતા.

ત્યાં તેઓએ જોરજોરથી દરવાજા ખખડાવી, લાતો મારી મારી મમ્મી સાથે કોણે ઝઘડો કર્યો છે, તેને બહાર કાઢો તેમ કહી ગાળો ભાંડી હતી. આ અસામાજિક તત્વોના ત્રાસથી ડરીને પરિવારે ઘરનો દરવાજો બંધ કરી દીધો હતો, તેમ છતાં નશામાં ચૂર કે ઉશ્કેરાયેલા આ શખ્સોએ મહિલાના પતિને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ મામલે ફરિયાદ નોંધાતા જ લિંબાયત પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.ડી. ચૌહાણના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ હરકતમાં આવ્યો હતો. પોલીસની ટીમે હ્યુમન રિસોર્સ અને ટેક્નિકલ વર્કઆઉટના આધારે ત્રણેય નફ્ફટ રાજન સોની (ઉં.વ.૨૪,રહે. નીલમનગર સોસાયટી, લિંબાયત) શિવશંકર ઉર્ફે સોનુ સોની (ઉં. વ૩૦, રહે. કુબેરનગર સોસાયટી, લિંબાયત) અને પ્રદિપ ઉર્ફે ગોલુ સોની (ઉં.વ.૨૬,રહે. ગાયત્રીનગર સોસાયટી, ડિંડોલી)ને પકડી પાડ્યા હતા. પોલીસે આ ત્રણેય ભાઈ વિરુદ્ધ ગુનો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.